# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव


## પરિપત્ર

**વિષય :-** ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ના છઠ્ઠા યુવક મહોત્સવ 'અવસર – ૨૦૨૪'નું યજમાન પદ સ્વીકારવા બાબત.

**સંદર્ભ : તા. 26 -07-2024 છઠ્ઠા યુવક મહોત્સવ -૨૦૨૪ ના આયોજન અને અમલવારી અંગેની નોંધ**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઈન્ચાર્જશ્રીઓ, તેમજ અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે, ભક્તકવિ નરસિંહ મહેતા ના પુણ્ય નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીએ સ્થાપનાનાં ટૂંકા ગાળામાં જ યુનિવર્સિટી તરીકે શૈક્ષણિક જગતમાં અનેરી અને આગવી છાપ ઊભી કરવાની સાથે ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉન્નત શરૂઆતકરેલ છે. વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અવિભાજ્ય અંગ હોય છે. ભક્તકવિ નરસિંહ મહેતાના નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીની સલંગ્ન કોલેજો/સંસ્થાઓ ખાતે ભણતા વિદ્યાર્થીઓમાં કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતા સાહજિક હોય છે તેને મંચ આપવા સબબ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ વર્ષનો યુવક મહોત્સવ સંભવિત રીતે આગામી સપ્ટેમ્બર મહિનાના દ્વિતીય સપ્તાહમાં કરવાનું વિચારેલ છે. ઉક્ત સંદર્ભ અન્વયે યુનિવર્સિટી સંચાલિત વિવિધ સલંગ્ન કોલેજો/સંસ્થાઓ પાસેથી યુથ ફેસ્ટીવલનું આયોજન કરવા તેમજ યજમાનપદ સ્વીકારવા માટેની વિગતવાર દરખાસ્ત આમંત્રિત કરવામાં આવે છે.

ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી (AIU) નિયમો અનુસાર આ સ્પર્ધાઓ સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટક અને સર્જનાત્મકતા એમ પાંચ વિભાગોમાં વહેચાતી હોય છે. યુથ ફેસ્ટીવલનું યજમાન પદ મેળવવા રસ ધરાવતી સંસ્થાઓએ નીચે મુજબની સુવિધાઓ સાથે આનુસંગિક તૈયારીઓ કરવાની હોય છે.

| ક્રમ | જરૂરી સ્થળ | ઉપયોગની વિગત |
|---|---|---|
| ૦૧ | મુખ્ય રંગમંચ<br>(ખુલ્લા મેદાનમાં મીનીમમ ૧૦૦*૮૦ મીટર સાઈઝનો ડોમ જેમાં ૬૦*૪૦ ફૂટનું નું મેઈન સ્ટેજ) | • ઉદ્દઘાટન સમારોહ માટે<br>• સમાપન સમારોહ માટે<br>• લોક નૃત્યો માટે<br>• ફોલ્ક ઓરકેસ્ટ્રા માટે |




સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

| | | |
|---|---|---|
| ૦૨ | થીયેટર હોલ<br>(લાઈટ અને ગ્રીન રૂમ સાથે) | • નાટ્ય સ્પર્ધાઓ માટે |
| ૦૩ | ૨૦*૧૫ ની સાઈઝનું સ્ટેજ બની શકે તેવા મીનીમમ ૫૦૦ ચોરસ ફૂટ વાળા ૫ નાના હોલ | • સાંગીતિક સ્પર્ધાઓ માટે<br>• વકતૃત્વ સ્પર્ધા માટે<br>• શાસ્ત્રીય નૃત્ય માટે |
| ૦૪ | ૪ ખુલ્લા મોટા હોલ અથવા ફોયર | • રંગોળી,કલે મોડેલીંગ, હસ્તકલા, સર્જનાત્મકતા વગેરે માટે |
| ૦૫ | ૭ ક્લાસ રૂમ (બેઠક વ્યવસ્થા સાથે) | • ચિત્ર, કાર્ટૂનીંગ, પોસ્ટર મેકિંગ, નિબંધ, કાવ્ય લેખન, પાદપૂર્તિ વગેરે. સ્પર્ધાઓ માટે |
| ૦૬ | મલ્ટી મીડિયા રૂમ અથવા કોમ્પુટર લેબ | • પ્રશ્ન મંચની સ્પર્ધા માટે |
| ૦૭ | ભોજન કક્ષ | • વિદ્યાર્થી સ્પર્ધકો, સહાયકો તેમજ ટીમ મેનેજરો માટે |
| ૦૮ | વી આઈ પી ભોજન કક્ષ | • યુથ ફેસ્ટીવલ આયોજન સમિતિના , માર્ગદર્શન સમિતિસભ્યોના સભ્યો, મહેમાનો તેમજ નિર્ણાયકો માટે |
| ૦૯ | યુથ ફેસ્ટીવલ કાર્યાલય<br>(ઈન્ટરનેટ, કોમ્પુટર અને પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન સાથે ) | • સમગ્ર આયોજન માટે |

આ ઉપરાંત નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

1. ઉપરોક્ત તમામ સ્થળોએ જરૂરિયાત મુજબની લાઈટ, સાઉન્ડ, ગ્રીન રૂમ્સ,ફોટોગ્રાફી, સિક્યોરીટી,વિડીઓગ્રાફી, પીવાના પાણી અને વાહન પાર્કીંગની વ્યવસ્થા કરવાની રહેશે.



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

2. ટોકન દરે નિયત રકમ લઇ જુદી જુદી કોલેજોમાંથી ભાગ લેવા આવતા વિદ્યાર્થી સ્પર્ધકો તેમજ ટીમ મેનેજરો માટે રેહવા તેમજ ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા કરવાની રહેશે.
3. યુથ ફેસ્ટીવલ આયોજન સમિતિના સભ્યો, માર્ગદર્શન સમિતિના સભ્યો, આમંત્રિત મહેમાનો તેમજ નિર્ણાયકો માટે તેમની ગરિમા અનુરૂપ રેહવા તેમજ ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા આપના સ્તરેથી કરવાની રહેશે.
4. વિવિધ સ્પર્ધાઓ માટે આમંત્રિત કરાયેલ નિર્ણાયકો તેમજ મહેમાનોને નિયત પુરસ્કાર તેમજ TA/DA ચૂકવવાનું રહેશે.
5. યુથ ફેસ્ટીવલ અન્વયે બ્રોશર, બેનર, કાર્ડ્સ, હોર્ડીન્ગ્સ, પાસ,બેઇઝ , પ્રમાણપત્રો તેમજ અન્ય તમામ પ્રકારનું પ્રિન્ટીંગ આયોજન સમિતિની સુચના મુજબ કરવાનું રહેશે.
6. યુથ ફેસ્ટીવલ દરમ્યાન દરેક સ્થળે પુરતી સિક્યુરીટી પૂરી પડવાની રેહશે તેમજ સ્વચ્છતા અને શિસ્ત સાથે સ્પર્ધાનાં આયોજનની જવાબદારી યજમાન સંસ્થાની રહેશે.
7. યુથ ફેસ્ટીવલ દરમ્યાન સ્થળ પર પ્રાથમિક આરોગ્યને લગતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે.
8. ૫૦ જેટલા વિદ્યાર્થી સ્વયં સેવકો અને ૧૫ જેટલા અધ્યાપકોની ટીમ આયોજન સમિતિના સહકારમાં આપવાની રહેશે.
9. ઉપરોક્ત બાબતોના ખર્ચ અન્વયે યુનિવર્સિટી તરફથી આંશિક રકમ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ફાળવવામાં આવશે, અન્ય વધારાનો ખર્ચ સંસ્થાએ પોતાના સ્તરે કરવાનો રહેશે.
10. યુથ ફેસ્ટીવલ પૂર્ણ થયા બાદ સમગ્ર યુથ ફેસ્ટીવલની ડીવીડી, ફોટો ગ્રાફ્સ સાથે સંપૂર્ણ અહેવાલ અને હિસાબો યુનિવર્સિટી ખાતે રજૂ કરવાનો રહેશે.
11. આ ઉપરાંત આયોજન સમીતી વખતો વખત જે સુચન કરે તેનું પાલન કરવાનું રહેશે.
12. યજમાન સંસ્થાએ સ્પર્ધકોને નજીકનાં બસ/રેલ્વે પરથી સંસ્થા સુંધી નિયત સમયમાં લઇ આવવા/સ્ટેશન પહોચાડવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવી આપવી પડશે.
13. એક કરતા વધારે સંસ્થા યજમાનપદ માટે તૈયાર થાય તો કુલપતિશ્રીનો અંતિમ નિર્ણય માન્ય રહેશે.



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

ઉપરોક્ત સુવિધાઓ પૂરી પાડવા સક્ષમ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં યુથ ફેસ્ટીવલના ગૌરવવંતા યજમાનપદ સ્વીકારવા માંગતી સંસ્થાઓએ **સંપૂર્ણ વિગતો અને માહિતી સાથેની દરખાસ્ત ૧૩-૦૮-૨૦૨૪ સુધીમાં cultural.bknmu@gmail.com પર ઈમેલથી અને હાર્ડ કોપી યુનિવર્સિટી કાર્યાલય ખાતે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.સવિશેષ માહિતી માટે ડો. રૂપાબેન બી. ડાંગર સંયોજક - કલ્ચર સેલનો સંપર્ક (૯૫૧૨૦૫૫૦૨૫) કરવો.**

સંયોજક,
સાંસ્કૃતિક વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

રજીસ્ટ્રારશ્રી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

ક્રમાંક/બીકેએનએમયુ/સાંસ્કૃતિક વિભાગ/ 23 /2024
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બીકેએનએમયુ રોડ,
ખડીયા, જૂનાગઢ-362263.
તા. ૦૩/ ૦૮/ ૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી. સેન્ટરના વડાઓ તરફ...

નકલ સાદર રવાના :
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
(૧) આઇ.ટી. સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે




સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ-૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com